| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :- | ૨૩/૦૭/૨૦૧૯ |
| દાખલ તારીખ | :- | ૨૩/૦૭/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | :- | ૦૬/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | :- | વર્ષ માસ દિવસ<br>૦૬ ૦૭ ૧૪ |

**ખેડા જીલ્લાના મહે. ત્રીજા અધિક ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ.નડીઆદ.**

રેગ્યુ. સિવિલ અપીલ નં. ૧૨૮/૨૦૧૯
આંક-:

**એપેલેન્ટ:-** (૧) **કનુભાઈ ગીરધરભાઈ બીન જેઠાભાઈ તળપદા,**
ઉ.વ. ૫૮, ધંધો- ખેતી, (નં. ૧ મૈયતછોટાભાઈ માલાભાઈ બીન ધુળાભાઈના વારસદાર છે.)

(૨) **રાવજીભાઈ છોટાભાઈ બીન માલાભાઈ તળપદા,**
ઉ.વ. આ. ૭૫, ધંધ-ખેતી, (નં. ૨ મૈયત માલાભાઈ, ધુળાભાઈ તળપદા ના વારસદાર છે.),

**૨.૧ જયાબેન વા/ઓ રાવજીભાઈ છોટાભાઈ તળપદા,**
**૨.૨ રમિલાબેન ડો/ઓ રાવજીભાઈ તળપદા**
**૨.૩ કોકીલાબેન ડો/ઓ રાવજીભાઈ તળપદા**
**૨.૪ ભાનુબેન ડો/ઓ રાવજીભાઈ તળપદા અને વા/ઓ વિજયભાઈ લક્ષ્મણભાઈ**
**૨.૫ કપિલાબેન ડો/ઓ રાવજીભાઈ તળપદા અને વા/ઓ કીરણભાઈ મનુભાઈ**
**૨.૬ બળવંતભાઈ રાવજીભાઈ તળપદા**
**૨.૭ માઈનોર કૈલાશબેન ડો/ઓ રાવજીભાઈ થ્રુ ગાર્ડીયન જયાબેન વા/ઓ રાવજીભાઈ છોટાભાઈ તળપદા**

રહે. દાવાવાળા ખેતરમાં, ચલાલી, તા. નડીઆદ, જી.ખેડા.

**:: વિરૂધ્ધ ::**

**રીસ્પોન્ડન્ટ :-** (૧) નટુભાઈ શકરાભાઈ તળપદા,

(૨) અરવિંદભાઈ ચેતનભાઈ બીન શકરાભાઈ,
(૩) વિનુભાઈ ચેતનભાઈ બીન શકરાભાઈ ,
(૪) સારદાબેન ચીમનભાઈ વાઘેલા,
(૫) રમેશભાઈ ચીમનભાઈ બીન વાઘેલાભાઈ તળપદા,
(રીસ્પોન્ડન્ટ નં. ૪ અને ૫ ને આંક– ૧૧ ના હુકમ મુજબ ડીલીટ કરવામાં આવેલ છે )
(૬) વિમળાબેન ચીમનભાઈ વાઘાભાઈ દિકરી,
(૭) ભાનુબેન તે ચીમનભાઈ વાઘાભાઈ દિકરી,
(૮) મહેન્દ્રભાઈ ચીમનભાઈ બીન વાઘાભાઈ તળપદા,
(૯) ચંપાબેન તે ચીમનભાઈ વાઘાભાઈની દિકરી
(ચિમનભાઈ વાગબાઈ બિન આચાભાઈના વારસદારો)
તમામ ઉ.વ. પુખ્ત, ધંધો– ખેતી, ગામ–ચલાલી, ,
તા.નડીઆદ, જી.ખેડા.

**સિવિલ પ્રોસીજર કોડની કલમ–૯૬ મુજબ અપીલ**

.................................................................................

એપેલેન્ટના વિ.વ.શ્રી કે. જી. વ્હોરા/ એમ. એ. પટેલ
રીસ્પોન્ડન્ટ નં–૪ થી ૫ ના વિ.વ.શ્રી. ડી. આર. પટેલ
રીસ્પોન્ડન્ટ નં–૬ થી ૯ ના વિ.વ.શ્રી. જી. એ. પટેલ/ બી. સી. પટેલ

.................................................................................

## ઠ રા વ

**(૧)** આ કામના એપેલેન્ટ/મુળ વાદીઓ દ્વારા હાલની અપીલ દાખલ કરી જણાવેલ છે કે, નડીઆદના મે. ચોથા અધિક સિનિયર સિવિલ જજ સાહેબશ્રીએ રે.દિ.મુ. નં. ૪૧/ ૨૦૧૩ ના કામે એપલેન્ટ/મુળવાદીનો દાવો તા.૨૪/૦૬/૨૦૧૯ ના રોજ નામંજૂર યાને રદ કરતો હુકમ કરી બન્ને પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ ભોગવવો તે મુજબનો હુકમ અને હુકમનામુ ફરમાવેલ અને તે હુકમથી નારાજ થઈ નીચેના કારણોસર હાલની અપીલ દાખલ કરેલ છે.

(૧) ટ્રાયલ કોર્ટનો હુકમ તથા હુકમનામુ ન્યાય નિતીના સિધ્ધાંતો વિરુધ્ધનો હોય રદ થવાને પાત્ર છે.

(૨) ટ્રાયલ કોર્ટે કાઢેલા તારણો રેકર્ડ પરના તથ્યો અને પુરાવાઓથી વિપરીત છે જેથી રદ થવાને પાત્ર છે.

(૩) ટ્રાયલ કોર્ટે વાદી ધ્વારા રજુ કરાયેલા મૌખિક પુરાવાઓને આંક–૫૦, આંક–૮૮, આંક–૮૯, આંક–૯૦ અને આંક–૫૪ થી આંક–૮૬ માં રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લીધા નથી અને તેથી ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને હાલની અપીલ મંજુર કરવાને પાત્ર છે.

(૪) ટ્રાયલ કોર્ટે આપેલ હુકમમાં વાદીઓએ મુદ્દા નં. ૧ થી ૪ સુધીના સાબિત કર્યા નથી અને મુદ્દા નં. ૧ થી ૪ સુધી નકારાત્મક જવાબ આપવામાં ભૂલ કરી. કાયદાનો સ્થાયી સિદ્ધાંત છે કે દિવાની કેસ અને ફોજદારી કેસોમાં પુરાવાનો ભાર ખૂબ જ અલગ હોય છે. ઉપરોક્ત મુદ્દાને સાબિત કરવા અને ફરિયાદમાં કરવામાં આવેલા તથ્યો અને નિવેદનોને સાબિત કરવા માટે વાદીએ પુષ્કળ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા રજૂ કર્યા હતા, તેથી ઉપલા ન્યાયાધીશનો આ તારણો કે વાદીએ તેના કેસ સાબિત કર્યા નથી. કાયદાના સ્થાયી સિદ્ધાંત. તેથી, વાંધાજનક ચુકાદો અને ડીસકાર્ડ રદ કરવામાં આવે અને બાજુ પર રાખવામાં આવે.

(૫) દાવામાં સમાવિષ્ટ નિર્વિવાદ હકીકતને સમજી શક્યા નથી કે વાદી છેલ્લા 35 વર્ષથી વિવાદિત જમીન પર સમાધાનકારી કબજો ધરાવે છે. એ પણ એક નિર્વિવાદ હકીકત છે કે વાદીએ દાવાની મિલકતમાં ઘર બનાવ્યું છે અને તેના પરિવાર સાથે રહે છે અને વિવાદિત જમીન પર કોઈપણ ખલેલ વિના ખેતી કરે છે અને રેકર્ડ પર કંઈપણ

વિરુદ્ધ દેખાતું નથી અને તેથી મુદ્દા નં. ૧ થી ૪ ને નકારાત્મકમાં જવાબ આપવામાં ભૂલ કરી છે અને તેથી ન્યાયના હિતમાં હાલની અપીલને મંજૂરી આપવી જરૂરી છે.

(૬) નામ. ટ્રાયલ કોર્ટે વિવાદિત જમીનના મહેસૂલ રેકર્ડ પર વધુ ભાર મૂક્યો છે. તાજેતરમાં, માનનીય સુપ્રીમ કોર્ટે શ્રીમતી ભીમાબાઈ મહાદેવ કાંબેકર (ડી) થર્ડ એલઆર વિરુદ્ધ આર્થર ઇમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ કંપની કેસમાં લાક્ષણિક સ્પષ્ટતા સાથે ફરી એકવાર કાયદાને સ્પષ્ટ કર્યો કે મહેસૂલ રેકોર્ડમાં પરિવર્તનની એન્ટ્રી જમીન પર માલિકીનું નિર્માણ કરતી નથી અથવા તેને સમાપ્ત કરતી નથી અને આવી એન્ટ્રીનો આવી જમીનના માલિકીનું કોઈ અનુમાનિત મૂલ્ય નથી. ઉપરોક્ત કાયદાના સિદ્ધાંતને રજૂ કરતી શ્રેણીબદ્ધ ઉદાહરણોને અનુસરીને સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત નિષ્કર્ષ પર પહોંચ્યા. તેથી, ન્યાયના હિતમાં વાંધાજનક ચુકાદો અને હુકમનામુ રદ કરવા અને બાજુ પર રાખવાની જરૂર હતી.

(૭) નામ. ટ્રાયલ કોર્ટે મુદ્દા નંબર ૧ નો નકારાત્મક જવાબ આપવામાં ભૂલ કરી કારણ કે વાદીએ કલમ–50, કલમ–88, કલમ–89, કલમ–90 માં પુષ્કળ મૌખિક પુરાવા રજૂ કર્યા છે અને ક્રોસ એક્ઝામિનેશન દરમિયાન રેકોર્ડ પર કોઈ વિરોધાભાસી પુરાવા રજૂ કર્યા નથી. વાદીએ કલમ–54 થી કલમ–86 માં દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા છે. દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા સમર્થન આપે છે અને તેથી લેફ્ટનન્ટ જજે ધ્યાનમાં લેવા જોઈએ. તેથી, ન્યાયના હિતમાં વિવાદિત ચુકાદો અને હુકમનામુ રદ કરવા અને બાજુ પર રાખવાની જરૂર છે.

(૮) નામ. ટ્રાયલ કોર્ટે મુદ્દા નં.૨ નો નકારાત્મક જવાબ આપવામાં ભૂલ કરી કારણ કે વિવાદિત જમીનમાં સ્થિત વાદી તેમજ વાદીના ઘરના કબજા અંગેના તથ્યો પ્રતિવાદી નં. 4 થી 9 દ્વારા Exh.21 માં તેમના લેખિત નિવેદનમાં સ્વીકારવામાં આવ્યા હતા. હકીકતમાં વિવાદિત જમીનમાં વાદીના ઘરના અસ્તિત્વને વાદી દ્વારા રજૂ કરાયેલા

દસ્તાવેજી પુરાવાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. એક્ઝ.61, એક્ઝ.64, એક્ઝ.65, એક્ઝ.68, એક્ઝ.71, એક્ઝ.72, એક્ઝ.75, એક્ઝ. તેથી વાદીએ સફળતાપૂર્વક મુદ્દો નં.2 સાબિત કર્યો છે અને તેથી લેડ.જજે મુદ્દો નં.2 ના જવાબમાં નકારાત્મક તેમજ ભૂલ કરી છે. રેકોર્ડ પરના પુરાવાઓને અવગણીને અને પ્રતિવાદી દ્વારા તેમના લેખિત નિવેદનમાં કરવામાં આવેલી કબૂલાતની કદર ન કરીને. તેથી, હાલની અપીલ મંજૂર કરવાને પાત્ર છે.

(૯) નામ.ટ્રાયલ કોર્ટે મુદ્દા નં. 3 નો નકારાત્મક જવાબ આપવામાં ભૂલ કરી કારણ કે વિવાદિત જમીનમાં વાદી તેમજ વાદીના ઘરના કબજા અંગેના તથ્યો પ્રતિવાદી નં. 4 થી 9 દ્વારા તેમના લેખિત નિવેદનમાં એક્ઝેક્યુશન 21 માં આપેલા કબૂલાતના આધારે કેસ ફાઈલ પર સ્થાપિત થયા હતા. વિવાદિત જમીનમાં વાદીના ઘરના અસ્તિત્વ અંગેની હકીકત પણ વાદી દ્વારા રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવા દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. 50, 88, 89, 90 માં મૌખિક પુરાવાઓને ધ્યાનમાં લેતા, વાદીનો કબજો સ્થાપિત થાય છે અને રેકોર્ડ પરના પુષ્કળ પુરાવા દ્વારા સફળતાપૂર્વક સાબિત થાય છે. વાદી સાક્ષી તેમના મૌખિક પુરાવામાં પણ વિવાદિત જમીનમાં વાદીના કબજા અંગેના તથ્યો સાબિત કરે છે. ન્યાયાધીશે ભૂલ કરી હતી કે વાદી સાક્ષી વાદીના કબજા અંગેની હકીકત જાહેર કરતો નથી. સાક્ષી અને વાદીના મૌખિક પુરાવાના અવલોકન પર, એવું લાગે છે કે લેડ. જજે વાદીની આગેવાની હેઠળના મૌખિક અને દસ્તાવેજી પુરાવાની પ્રશંસા કરવામાં ભૂલ કરી હતી અને દાવો મનસ્વી રીતે ફગાવી દીધો હતો અને તેથી હાલની અપીલ મંજૂર કરવાને પાત્ર છે.

(૧૦) નામ.ટ્રાયલ કોર્ટે વિવાદિત જમીન પર વાદીએ સફળતાપૂર્વક પોતાનો કબજો સાબિત કર્યો છે અને તેથી, ઉચ્ચ અદાલતે મનાઈ હુકમ આપવો પડશે અને વાદીના કબજાનું રક્ષણ કરવું પડશે. એક ચુકાદામાં, માનનીય સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે જ્યારે વ્યક્તિ

સ્થાયી કબજામાં હોય અથવા અસરકારક કબજામાં હોય ત્યારે તે ખરા માલિક સામે પણ તેના કબજાનું રક્ષણ કરવાનો હકદાર છે. કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત છે કે કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના કોઈ પણ વ્યક્તિને કબજો લઈ શકાતો નથી. ભારતમાં બળજબરીથી કબજો લેવાની મંજૂરી નથી અને કોઈને પણ કાયદો પોતાના હાથમાં લેવાની મંજૂરી આપવી જોઈએ નહીં, ભલે તેનું કબજો ગમે તેટલો સારો હોય. કાયદાને ધ્યાનમાં લેતા સુરક્ષિત રાખવો જોઈએ અને તેથી હાલની અપીલ મંજૂર કરવાને પાત્ર છે. (પુરાણ સિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય ૧૯૭૫માં અહેવાલ (૪) SCC ૫૧૮, ફકીરભાઈ ભગવાનદાસ અને અનુ. વિરુદ્ધ મગનલાલ હરિભાઈ અને અનુ. AIR ૧૯૫૧ બોમ્બે ૩૮૦માં અહેવાલ, રામે ગૌડા (D) Lrs દ્વારા Lrs વિરુદ્ધ M. વરદપ્પા નાયડુ (D) Lrs દ્વારા & Anr દ્વારા ૧૫ ડિસેમ્બર, ૨૦૦૩ ના રોજ)

(૧૧) નામ.ટ્રાયલ કોર્ટે પ્રતિવાદી દ્વારા દસ્તાવેજી પુરાવા સાબિત ન કરવા અને વાદીની આગેવાની હેઠળના નિર્વિવાદ પુરાવાઓની હાજરીમાં, નામ.ટ્રાયલ કોર્ટે દાવો માન્ય રાખવો જોઈએ, પરંતુ તેનાથી વિપરીત, અસ્પષ્ટ કારણોસર દાવો મનસ્વી રીતે ફગાવી દીધો જે કાયદાના સ્થાયી સિદ્ધાંતની વિરુદ્ધ છે. અહીં અપીલકર્તાએ રજૂઆત કરી હતી કે વાદી દ્વારા કરવામાં આવેલ દાવો સાચો છે અને વાદીએ ફરિયાદમાં તમામ સાચા નિવેદનો રજૂ કર્યા છે અને માનનીય કોર્ટ સમક્ષ તમામ ભૌતિક તથ્યો રજૂ કર્યા છે અને કેસ સાબિત કરવા માટે પૂરતા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે, પરંતુ નામ.ટ્રાયલ કોર્ટે  મનસ્વી રીતે એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે વાદીએ પોતાનો કેસ સાબિત કર્યો નથી જે કેસની હકીકત અને પુરાવાની વિરુદ્ધ છે, તેથી તે ઉ નામ.ટ્રાયલ કોર્ટ  દ્વારા કરવામાં આવેલ પેટન્ટ ગેરકાયદેસરતા છે અને તે જ હાલની અપીલને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં મંજૂરી આપવામાં આવે છે.

(૧૨) નામ.ટ્રાયલ કોર્ટે કેસના સમગ્ર રેકોર્ડ તેમજ વાદી દ્વારા રજૂ કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં ધ્યાનમાં લીધા ન હતા, તેથી હાલની અપીલ મંજૂર કરવાને પાત્ર છે.

(૧૩) નામ.ટ્રાયલ કોર્ટે વિવાદિત ચુકાદો અને હુકમનામું ખોટી કલ્પના, કાલ્પનિક અને કાયદા અને મનનો ઉપયોગ ન કરવાને કારણે છે અને ફરિયાદ, પુરાવા અને તેના દ્વારા પ્રાર્થના કરાયેલ રાહતના હૃદયપૂર્વક વાંચનનું પરિણામ છે.

વધુમાં એપેલન્ટની સદર અપીલ મંજુર કરી નડીઆદના મહે. ચોથા અધિક સિનિયર સિવિલ જજ સાહેબશ્રીએ રે.દિ.મુ. નં.૪૧/૨૦૧૩ના કામે એપલેન્ટ/મુળ વાદીનો દાવો તા.૨૪/૦૬/૨૦૧૯ ના રોજ નામંજૂર યાને રદ કરતો હુકમ આંક–૧૦૩ તથા હુકમનામુ આંક–૧૦૫ થી કરેલ છે તે રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨)** હાલની અપીલ દાખલ કરતા નામ. કોર્ટે રીસ્પોન્ડન્ટ વિરૂધ્ધ નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ સદરહું નોટીસ બજતા રીસ્પોન્ડન્ટ નં.૬ થી ૯ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે પરંતુ અપીલના કામે કોઈ વાંધા રજૂ કરેલ નથી.

**(૩)** સૌપ્રથમ જોઈએ તો વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ દાવો દાખલ કરી જમીન વાદી નં. ૧ ના બાપ દાદા તથા પરિશિષ્ટ–બી માં જણાવેલી જમીન વાદી નં. ૨ ના બાપ દાદાએ મોંઢાના કરારથી છેલ્લા ૩૫ વર્ષ થી વેચાણ રાખી ત્યારથી વાદીઓના વડીલો વખતથી દાવાવાળી જમીનનો સ્વતંત્ર પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવીએ છીએ અને માલિકી હકકથી જાતે ખેડી વાવી તેની ઉપર નિપજ લઈએ લેવડાવીએ છે અને દાવાવાળા

ખેતરમાં તેઓના કુટુંબ સાથે ઘરો બનાવી તેમાં વસવાટ કરી રહીએ છીએ અને વીજ કનેકશન મેળવેલ છે અને મહેસુલ વિઘુટી અને વીજ બિલ વાદીઓ ભરે છે. જે દાવાવાળી જમીન ઉપર આ કામના પ્રતિવાદીઓ કોઈપણ પ્રકારનો લાગ ભાગ હકક હિત સંબંધ કે હિસ્સો આવેલો નથી. તેવુ જ્ઞાપન ઠરાવી વાદીના લાભમાં અને પ્રા. વાદીઓ વિરુઘ્ધ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે. વધુમાં પેરા નં. ૨ માં જણાવેલી દાવાવાળી જમીનનો વગડે એક સળંગ છેડે આવેલી છે અને વાદીઓએ વગડે એકત્ર કરી તેમાં વર્ષોવર્ષ ખેતી કરી પાક ઉત્પન્ન લઈએ લેવડાવીએ છે જે દાવાવાળી જમીનમાં વાદીઓના રહેઠાણમાં ઘરો આવેલા છે. તેમાં અમારા કુટુંબ કબીલા સાથે રહીએ છે જાતે ખેતી કરીએ છે જે દાવાવાળા ખેતરમાં જઈએ આવીએ ખેતરનું કામકાજ કરીએ કરાવીએ તે વાદીઓના શાંત પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાં આ કામના પ્રા. વાદીઓ કે તેના માણસો, એજન્ટો, એસાઈનીઓ કાયદાની કોઈપણ પ્રક્રિયા કર્યા સિવાય કાયદો હાથમાં લઈને હેલો હરકત, અટકાયત દખલ કે ટ્રેસપાસ કરે કરાવે નહી કે સદર દાવાવાળા ખેતરમાં વાદીઓના જાત ઉછેરના આવેલ ઝાડ કાપે કપાવે નહી કે રેવન્યુ રેકર્ડના ઓથા હેઠળ અન્ય કોઈ ત્રાહીતની તરફેણમાં વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે તેવો જાથુનો મનાઈ હુકમ પ્રા. વાદીઓને અરજ કરેલ છે.

(૪) નામદાર વિઘ્વાન ટ્રાયલ અદાલતે સદરહું દાવાના નિકાલ માટે આંક–૪૧ થી મુદ્દાઓ ઘડેલા જે નીચે મુજબ છે.

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન પરિશિષ્ટ–એ અને પરિશિષ્ટ–બી વાળી જમીન નો વાદીઓ બાપ–દાદાએ છેલ્લા ૩૫ વર્ષ થી વેચાણ રાખેલી છે ? અને તેના પર તેઓનો માલિકી હકક છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન પરિશિષ્ટ એ અને પરિશિષ્ટ બી બંને માં વાદીઓના ઘરો આવેલા છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી પરિશિષ્ટ એ અને પરિશિષ્ટ બી વાળી જમીનો પર વાદીઓને સ્વતંત્ર પ્રત્યક્ષ કબજો ભોગવટો છે ?

૪. શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજી પેરા –૮ એ અને બી માં માગ્યા મુજબ ની દાદ મેળવવા તેઓ હકકદાર છે ?

૫. શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીનો દાવો કાયદેસરનો અને કાયદાથી ટકવા પાત્ર છે ?

૬. શું પ્રતિવાદી નં. ૪ થી ૯ પુરવાર કરે છે કે, દાવાવાળી જમીન પરિશિષ્ટ બી માં પ્ર તિવાદી નં. ૪ થી ૯ માલિકી હકક અને કબજા ભોગવટો છે ?

૭. શું પ્રતિવાદી નં. ૦૪ થી ૦૯ પુરવાર કરે છે કે, કાઉન્ટર કલેઈમ પેરા –૨૦ માં માંગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર છે ?

૮. શું પ્રતિવાદી નં. ૪ થી ૯ પુરવાર કરે છે કે, તેઓનો કાઉન્ટર કલેઈમ કાયદેસરનો અને કાયદાથી ટકવાપાત્ર છે ?

૯. શું હુકમ અને હુકમનામુ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ આપેલ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) ચર્ચાની જરૂર નથી.

(૬) નકારમાં.

(૭) નકારમાં.

(૮) નકારમાં.

(૯) આખરી હુકમ મુજબ.

(૬) ટ્રાયલ કોર્ટમાં વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**<u>-: મૌખિક પુરાવો :-</u>**

| **અનુ.નં.** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | કનુભાઈ ગીરધરભાઈ તળપદા નું સોગંદનામુ | ૫૦ |
| ૨ | વાદી તરફે ત્રાહિત અરવિંદભાઈ ચતુરભાઈ તળપદા | ૮૮ |
| ૩ | વાદીના સાહેદ રાવજીભાઈ જેઠાભાઈ તળપદા | ૮૯ |
| ૪ | વાદીના સાહેદ કિસ્મતભાઈ શિવાભાઈ તળપદા | ૯૦ |

(૭) વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે.

**<u>-: દસ્તાવેજી પુરાવો :-</u>**

| **અનુ.નં.** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | દાવાવાળી જમીન બ્લોક નં. ૧૩૫૪ નડીયાદ ના ખેડ હકક મા નામ દાખલ કરવાની અરજી | **૫૪** |
| ૨ | વાદીની અરજી અંગે જીલ્લા કલેકટર શ્રીએ મા. શ્રી ને લખેલ પત્ર | **૫૫** |
| ૩ | દાવાવાળી જમીન બ્લોક નં. ૧૩૫૫ ની ૭/૧૨ | **૫૬** |
| ૪ | દાવાવાળી જમીનનો ખાતાનો નમુનો | **૫૭** |
| ૫ | દાવાવાળી જમીન બ્લોક નં. ૧૩૪૫ ની ૭/૧૨ | **૫૮** |
| ૬ | દાવાવાળી જમીનનો ખાતાનો ઉતારો ૮/અ | **૫૯** |
| ૭ | દાવાવાળી જમીનના એકત્રીકરણ અસલ | **૬૦** |
| ૮ | દાવાવાળી જમીનમાં વાદી નં. ૧ આકારણી પત્રક નં. ૧૧૫૫ | **૬૧** |

COURT OF SESSIONS KAIRA AT NADIAD સત્ય મેવ જયતે

| | | |
|---|---|---|
| ૯ | દાવાવાળા ખેતરમાં આવેલ ઘર નો વેરો ભર્યાની પાવતી | **૬૨** |
| ૧૦ | ઘરવેરો ભર્યાની પાવતી સને –૨૦૦૭ –૦૮ ની અસલ | **૬૩** |
| ૧૧ | વાદી નં. ના નામનું આકારણી પત્રક | **૬૪** |
| ૧૨ | દાવાવાળા ખેતરમાં વાદીના ભાઈ ઘર બનાવી રહે છે તે પંચાયત નં. ૧૫૫૬ આકારણી પત્રક | **૬૫** |
| ૧૩ | વેરા પાવતી | **૬૬** |
| ૧૪ | વેરા પાવતી | **૬૭** |
| ૧૫ | ગ્રા. પં ઘર નં. ૧૬૨૫ આકારણી પત્રક | **૬૮** |
| ૧૬ | ઘર વેરો ભર્યા પાવતી | **૬૯** |
| ૧૭ | ઘર વેરો ભર્યા પાવતી | **૭૦** |
| ૧૮ | દાવાવાળા ખેતરમાં બાંધેલ વાદીના પિતરાઈ ભાઈ અરવિંદભાઈ નું મકાન નં. ૧૬૨૫ | **૭૧** |
| ૧૯ | દાવાવાળા ખેતરમાં બાંધેલ ઘર નં. ૧૬૨૩ આકારણી પત્રકની નકલ | **૭૨** |
| ૨૦ | ઘર વેરો ભર્યા પાવતી | **૭૩** |
| ૨૧ | ઘરવેરા ભર્યાની પાવતી | **૭૪** |
| ૨૨ | ઘરની આકારણ પત્રક | **૭૫** |
| ૨૩ | વીજ બીલ | **૭૬ થી ૮૫** |
| ૨૪ | દાવાવાળા ખેતરનું મહેસુલ ભર્યાની ત્રણ પાવતી | **૮૬** |

(૮) ટ્રાયલ કોર્ટમાં વાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ આંક–૩૪ થી રજુ થયેલ છે.

(૯) ટ્રાયલ કોર્ટમાં પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી.

(૧૦) આ કામે વિવાદીના વિ.વ.શ્રીએ આંક–૨૪ થી લેખિત દલીલ રજૂ કરેલ છે અને સદર દલીલમાં જણાવેલ છે કે, તેઓએ હાલની અપીલ ટ્રાયલ કોર્ટ ધ્વારા તા. ૨૪.૦૬.૨૦૧૯ ના રોજ દાવા નં. ૪૧/૨૦૧૩ ના કામે આપેલ ચુકાદા અન્વયે દાખલ કરેલ છે અને સદર ટ્રાયલ કોર્ટ ધ્વારા સદર રદ કરતા તેઓએ હાલની અપીલ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સદર દાવાવાળી જમીનો ખેતીની જમીન ચલાલી મુકામે આવેલ છે અને જેનુ વર્ણન દાવા અરજીમાં કરવામાં આવેલ. વાદીના કહેવા મુજબ સદર

દાવાવાળી જમીન તેઓના બાપ દાદાઓ ધ્વારા જમીનના મુળ માલીક ચંચળબેન શકરાભાઈ પાસેથી ખરીદવામાં આવેલી અને જે ખરીદી મૌખીક કરારથી કરવામાં આવેલી અને તે અંતરગત વાદીના વડવાઓ ધ્વારા પુરેપુરો વળતર સદર જમીનનું ચંચળબેનને ચુકવી આપવામાં આવેલુ અને તે અન્વયે કબ્જો મેળવવામાં આવેલો અને ત્યારથી તેઓ સદર દાવાવાળી મીલ્કતના કબ્જા ભોગવટામાં છે અને સદર જમીનમાં તેઓ ૩૫ વર્ષ કરતા વધુ થી ઘર બનાવી ખેતીકામ કરે છે અને સાથેસાથે તેઓના પરિવાર સાથે રહે છે વધુમાં તેઓના જણાવ્યા મુજબ ખેતરમા આવેલ ઘર અન્વયે ગ્રામ પંચાયતમાં ઘર નં. ૧૫૫૬, ૧૬૨૫,૧૩૨૩ થી નોંધણી થયેલ છે અને તે મકાનોમાં વીજ કનેકશન પણ લેવામાં આવે છે અને સાથોસાથ જમીનમાં પણ વીજ કનેકશન ધરાવે છે. વધુમાં સદર દલીલ અન્વયે જણાવે છે કે, વાદી ધ્વારા જે દાવો દાખલ કરેલ તે દાવો પ્રતિવાદીઓને સદર દાવાવાળી મિલ્કતના કોઈ હકક અધિકાર નથી તે માટે કરેલો અને સાથો સાથ કાયમી મનાઈ હુકમની માંગણી કરેલી. પરંતુ સદર દાવો ટ્રાયલ કોર્ટના જજ ધ્વારા રદ કરવામાં આવેલો અને તે હુકમને પડકારતા હાલની અપીલ દાખલ કરેલ છે. જે ટ્રાયલ કોર્ટનો હુકમ અને હુકમનામુ કાયદાની વિરુધ્ધનું હોય અને રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન કરેલ ન હોય તેથી રદ થવુ જોઈએ. અને ટ્રાયલ કોર્ટ ધ્વારા જે હકીકત અને પુરાવો છે તેના થી તદ્દન વિપરીત ચુકાદો આપેલ છે. વધુમાં ટ્રાયલ કોર્ટ ધ્વારા મૌખીક પુરાવાનું મુલ્યાંકન કરેલ નથી જે વાદી ધ્વારા આંક–૫૦, ૮૮, ૮૯ અને આંક–૯૦ થી રજુ કરેલ છે. આ સિવાય દસ્તાવેજી પુરાવા અંતર્ગત આંક–૫૪ થી ૮૬ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે અને તે સંજોગોમાં હાલની અપીલ મંજુર થવી જોઈએ.

વધુમાં લેખિત દલીલમાં એપેલેન્ટ તરફે જણાવેલ છે કે, તે વાદી ધ્વારા જયારે દાવો દાખલ કરેલ અને તે કામે જે મુદ્દાઓ નિકાળવામાં આવેલ તે મુદ્દાઓને પણ ખોટી રીતે ટ્રાયલ કોર્ટ ધ્વારા નકારમાં આવેલ છે અને હકીકતમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સદર દાવાના કામે વાદીએ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના

આધારે મુદ્દાઓ પુરવાર કરેલ હતા અને તે સંજોગોમાં પણ ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ અને હુકમનામુ રદ થવું જોઈએ. વધુમાં વાદીનો કબજો ૩૫ વર્ષ ઉપરથી બિન રોકટોક અને બિન તકરારી આવેલ છે તે પણ ધ્યાને લીધેલ નથી અને સદર કબજો તેમજ ખેતીવાડી તેઓ બિન રોકટોક કરતા આવેલ છે અને રેકર્ડમાં તેનાથી વિરુધ્ધની કોઈ પણ હકીકત ન આવેલ હોવા છતાં પુરાવાના પુરાવા કાયદા મુજબ ટ્રાયલ કોર્ટ ધ્વારા તમામ મુદ્દાઓના જવાબ નકારમાં આપેલ છે.

વધુમાં દલીલમાં ભીમાભાઈ મહાદેવ કાંબેકર ના વારસો વિ. આર્થર ઈન્પુટ એન્ડ એક્ષપોર્ટ કંપનીના ચુકાદા મુજબ રેવન્યુ રેકર્ડ અન્વયેની મ્યુટેશન એન્ટ્રી મિલકત અન્વયે ટાઈટલ નો અધિકાર આપતી નથી. વધુમાં સોગંદ ઉપર જે પુરાવો આપવામાં આવેલ છે તેનાથી વિરુધ્ધની કોઈ પણ હકીકત ઉલટ તપાસ ધ્વારા પણ લાવી શકેલ નથી અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા સિવાય ટ્રાયલ કોર્ટ ધ્વારા દાવા રજ કરતો હુકમ અને હુકમનામુ કરેલ છે તે રદ કરવો જોઈએ. વધુમાં ટ્રાયલ કોર્ટ ધ્વારા વાદીનો દાવાવાળી મિલ્કતમાં રહેતા હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં અને દાવાના જવાબમાં પ્રતિવાદી નં. ૪ થી ૯ નાઓએ જણાવેલ હોવા છતાં સદર હકીકત ધ્યાને લીધેલ નથી અને તે અન્વયે નિકાળેલ મુદ્દા નં. ૨ વાદી ધ્વારા પુરવાર કરેલ છે તેમ છતા તેનો જવાબ નકારમાં આપેલ છે. આ સિવાય અન્ય મુદ્દા નં. ૩ નો જવાબ પણ ટ્રાયલ કોર્ટે નકારમાં આપેલ છે. આ કામે તેઓ ધ્વારા મૌખીક પુરાવા અંતરગત સાહેદોને તપાસેલ છે અને તેને ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી અને જયારે વાદી ધ્વારા પોતાનો તકરારી કબ્જો પુરવાર હોવા છતા વાદીનો દાવો મંજુર ન કરી અને વાદીની તરફેણમાં કાયમી મનાઈ હુકમ ન આપી કાયદાની મોટી ભુલ કરેલ છે અને આ ઉપરાંત વાદીના કબ્જાને રક્ષણ પણ ટ્રાયલ કોર્ટ ધ્વારા પુરો પાડેલ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ જયારે સેટલ પઝેશન (પ્રસ્થાપિત) કબ્જો હોય તો તેના મુળ માલીક સામે પણ રક્ષણ આપવો જોઈએ અને તે મુજબ પણ વાદીનાઓ પોતાના કબ્જાના રક્ષણ માટે હકકદાર હોવા છતા વાદીનો દાવો ખોટી રીતે નિકાળી

દીધેલ છે. વધુમાં વાદી ધ્વારા દાવાના કામે સત્ય હકીકતો દાવા અરજી અંતર્ગત રેકર્ડ ઉપર લાવેલ છે અને તે સિવાય દસ્તાવેજી પુરાવા અંતર્ગત પણ રેકર્ડ ઉપર લાવેલ છે અને યોગ્ય તેમજ મૌખીક દસ્તાવેજી પુરાવો પોતાનો દાવો પુરવાર કરવા રેકર્ડ ઉપર લાવેલ હોવા છતાં ટ્રાયલ કોર્ટ ધ્વારા વાદીએ મુદ્દા અંતર્ગત હકીકત પુરવાર કરેલ નથી તેવી ખોટી હકીકતને આધારે વાદીનો દાવો રદ કરેલ છે અને તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરી અપીલ મંજુર કરી ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી દાવા અરજી કામે જે દાદ માંગેલ છે તે હાલના એપેલેન્ટ/મુળ વાદી ધ્વારા મંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૧૧)** હવે, અપીલના તબકકે ઉપર જણાવેલા મુદ્દાઓની ચર્ચા સાથે નીચે મુજબના મુદ્દાઓ વિચારણામાં લેવા ઉપસ્થિત થાય છે.

**-::- મુ દ્દા -::-**

**૧.** વિધ્વાન ટ્રાયલ અદાલતે તા.૨૪/૦૬/૨૦૧૯ ના રોજ રેગ્યુલર દી.મુ. નં.૪૧/૨૦૧૩ ના કામે આંક-૧૦૩ થી આપેલ હુકમ તથા હુકમનામું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કાયદાના સિધ્ધાંતની વિરૂધ્ધ હોય તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

**૨.** શું હુકમ અને હુકમનામુ?

**(૧૨)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** નકારાત્મક.

**(૨)** આખરી હુકમ મુજબ.

**(૧૩)** ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ દલીલોના આધારે અત્રેની અદાલતના નિર્ણયોના કારણો નીચે મુજબ આપેલા છે.

**// કારણો //**

**મુદ્દા નં.૧ :-**

**(૧૪)** હવે બન્ને પક્ષોની રજુઆત ધ્યાનમાં લેતા તેમજ પડેલ પુરાવો ધ્યાનમાં લેતા તેમજ ઉપસ્થિત કરવામાં આવેલા વિધ્વાન ટ્રાયલ અદાલતમાં ફ્રેમ કરેલા મુદ્દાઓ અને તે બાબતે સાક્ષીઓનો પુરાવો ધ્યાનમાં લેતા અને પુન: મુલ્યાંકન કરી વિધ્વાન ટ્રાયલ અદાલતમાં રજુ થયેલા દસ્તાવેજી આધારો તેમજ આંકે પડેલા દ.પુ. અને તેના સંદર્ભમાં બન્ને પક્ષના સાક્ષીઓની સરતપાસ અને ઉલટતપાસમાં કરેલી રજુઆતો જોતા હું એવા તારણ ઉપર આવુ છું કે એપેલન્ટ/મુળ વાદીની આ અપીલ મંજુર થવાને પાત્ર નથી એટલે કે **રદ્દ** કરવાને પાત્ર છે અને તે માટેના કારણો નીચે મુજબ છે :–

**(૧૫)** આ કામે સામાપક્ષે ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય અને કાયદેસરનો હોય તેમાં કોઈજ રીતે દખલ કરવાની જરૂર નથી અને વધુમાં એમ પણ જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટ ધ્વારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ છે અને સદર વાદીની કહેવા મુજબ તેઓ ૩૫ વર્ષ ઉપરાંતથી સદર દાવાવાળી મિલ્કતના કબ્જા ભોગવટામાં નિર્વિરોધ ચાલતો આવેલ છે પરંતુ આ કામે મિલ્કત અન્વયે કાયદેસરનો કબ્જો પુરવાર થતો ન હોય તો કઈ રીતે માની શકાય કે વાદી સદર દાવાવાળી મિલ્કત પ્રતિવાદીના વડવાઓ પાસેથી કાયદેસર રીતે નાંણા ચુકવીને મેળવેલ છે. વધુમાં આ કામે પ્રતિવાદીપક્ષે એ પણ દલીલ કરેલ છે કે, વાદીના કહેવા મુજબ સદર મિલ્કત તેઓના વડવાઓએ મૌખિક કરારથી મેળવેલી હતી. પરંતુ તેવુ મૌખીક કરાર અંતગત, મૌખીક જુબાની આધારે પુરવાર કરાવી શકાય નહી તે સિવાય અન્ય કોઈ રીતે વાદી પુરવાર કરી શકેલ નથી કે જે તે વખતે પ્રતિવાદીઓના વડવાઓ પાસેથી એટલે કે, દાવાવાળી મિલકતના મુળ માલિક ચંચળબેન શકરાભાઈ પાસેથી સદર જમીન તેઓએ મોઢાના કરાર આધારે ખરીદેલ હતી.

**(૧૬)** આ કામે બંને પક્ષની દલીલો અને હકીકત જોતા તેમજ ટ્રાયલ કોર્ટના હુકમ જોતા રેકર્ડ ઉપર એ હકીકત આવેલ છે કે, દાવાવાળી જમીન નવી સરતની જમીન હતી. વધુમાં આ

કામે રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો તેમાં વાદીઓના નામ રેકર્ડ માં આવેલ નથી. વધુમાં રેવન્યુ રેકર્ડમાં વાદીના કહેવા મુજબ તેઓનો ૩પ વર્ષ ઉપરાંતથી કબ્જો છે પરંતુ તેઓ દ્વારા આજદિન સુધી સદર દાવાવાળી મિલકતમાં પોતાના નામ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં આંક–પ૬ થી રજુ દસ્તાવેજ જોવામાં આવે તો પ્રતિવાદીઓ પૈકીના નામો ૭/૧૨ ના ઉતારામાં ચાલી આવેલ છે. વધુમાં ખેડુતોના નામોમાં પણ ચીમનભાઈ વાઘાભાઈ તળપદાનું નામ ચાલી આવેલ છે અને તેઓને આ કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. વધુમાં રેવન્યુ રેકર્ડના આધારે માલીકી હકકો પ્રાત થતા નથી પરંતુ પુરાવામાં કે દાવાના સમર્થનમાં સદર રેવન્યુ રેકર્ડ વંચાણે લઈ શકાય છે. રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જગ્યાએ વાદીઓના નામો આવેલ નથી. માત્ર વીજ કનેકશન પણ વીજળી બીલોમાં વાદીઓના નામો હોવા માત્રથી વાદીઓને વાદગ્રસ્ત મિલકતના માલિક કબ્જેદાર ઠરાવી શકાય નહી. આ કામે મહેસુલી પાવતીઓ પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. પરંતુ આંક–૮૬ વાળી મહેસુલ ભર્યાની પાવતી જોવામાં આવે તો તેમાં ખાતા નં. માં પ૯પ ની પાવતી છે જયારે આંક–પ૭ જોતા તેમાં ખાતા નં. પ૪૨ અને પ૬૨. જયારે આંક–પ૬ માં ખાતા નં. પ૬૨ તેમજ આંક–પ૮ માં ખાતા નં. પ૪૨ હોવાનું જણાઈ આવે છે. અને તે જોતા પાવતીઓ અન્ય ખાતાની હોવાની જણાય છે. વધુમાં આંક–૮૮ થી વાદીના સાહેદને તપાસેલ છે. તે જોતા તે સાહેદને સદર દાવાવાળી મિલકત કોના નામે છે તે અન્વયે તેઓને ખ્યાલ નથી અને તેઓ વાદીના કહેવાથી જુબાની આપવા આવેલ છે. આમ, જે વાદીઓના જે સાહેદો છે તે વાદીના કહેવાથી જુબાની વાદીની તરફેણમાં આપવા આવે છે અને સદર સાહેદોની જુબાનીમાં પણ કોઈપણ જગ્યાએ દાવાવાળી મિલકત વાદીઓના વડવાઓની મૌખીક કે મોઢાના કરાર અન્વયે આપવામાં આવેલ છે તેવુ રેકર્ડ ઉપર આવતુ નથી અને ૩પ વર્ષ સુધી સદર વાદીઓ તેઓના કહેવા મુજબ દાવાવાળી મિલકત તેઓના કબ્જામાં હતી તેમ છતાં તેઓએ આજદિન સુધી સદર મિલકત પોતાના નામે કરવા પ્રયત્ન કરેલ હોય તેવુ જણાતુ નથી. આમ, ટ્રાયલ કોર્ટ દ્વારા જે મુદ્દા નં.૧ માલિકી ઠરાવવા બાબતે જવાબ

નકારમાં આપેલ છે તે મુલ્યાંકન યોગ્ય અને વ્યાજબી છે તેથી તેમાં દખલ કરવી વ્યાજબી જણાતુ નથી. આ સિવાય જયારે મુખ્ય મુદ્દા નં. ૧ વાદી પુરવાર કરી શકતા ન હોય અને તે અંતર્ગત અન્ય સબસિકવન્ટ મુદ્દાઓ પણ ટ્રાયલ કોર્ટ દ્વારા મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે નકારેલ હોય તે સંજોગોમાં આ કામે જે મુદ્દા કાઢેલ છે તે અંતર્ગત આ કામના એપેલેન્ટ દ્વારા ટ્રાયલ કોર્ટના હુકમમાં ફેરફાર કરવાની કરેલ દલીલ ટકી શકે તેમ ન હોય તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટ દ્વારા કાયદેસરનો દાવાના કામે કરેલ હુકમ અને હુકમનામુ હોય તેમાં ફેરફાર અને દખલ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતુ ન હોય આ કામે નિકાળેલ મુદ્દાનો જવાબ એપેલેન્ટ અંતર્ગત પુરવાર થતો ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ ''નકારમાં'' આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**–:: હુ ક મ ::–**

(૧) વિવાદીની આ અપીલ આથી **નામંજુર યાને રદ્દ** કરવામાં આવે છે.

(૨) વિદ્વાન નડીઆદના ચોથા અધિક સિનિયર સિવિલ જજશ્રીની કોર્ટના રે.દી.મુ. નં.૪૧/૨૦૧૩ નો આંક–૧૦૩ નો ચુકાદો યથાવત/કન્ફર્મ રાખવામાં આવે છે.

(૩) ખર્ચ સંબંધીત કોઈ હુકમ નથી.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

(૫) આ હુકમની નકલ સંબંધીત ટ્રાયલ કોર્ટને રે.દી.મુ.નં. ૪૧/૨૦૧૩ ના અસલ રેકર્ડ સાથે મોકલી આપવી.

**આ હુકમ આજરોજ તારીખ:– ૬ઠ્ઠી, માહે:– માર્ચ , સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા. ૦૬ / ૦૩ /૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી. પુરોહીત)**
ત્રીજા અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીઆદ.
કોડ નં. જીજે ૦૦૬૮૫